- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી સાહેબના ફાઈવ ડોલર ઇકોનોમિક વિઝનને સાર્થક કરવાના પ્રયાસમાં ગુજરાત અગ્રેસર સહભાગી બની રહ્યું છે.રાજ્યના સર્વાંગી વિકાસને આવરી લેતા આ વર્ષના બજેટમાં છેવાડા ના માનવીનો પણ વિકાસ થઈ રહ્યો છે જેની આપણે સૌ અનુભૂતિ કરી રહ્યા છીએ.ગુજરાત દેશનું ગૃહ એન્જિન હોય ત્યારે ગુજરાત રાજ્યના વિકાસશ્રી બજેટ આપીને એમાં સુરપુર આવે છે.

- ભારતે જી20ની અધ્યક્ષતામાં દુનિયા માટે એક નવો રસ્તો નક્કી કર્યો છે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં યોજાયેલ જી 20 સંમેલન એ ભારત દેશ અને વડાપ્રધાનની લીડરશીપ ને નિર્ણાયક સ્વરૂપમાં માની છે જે ખરેખર અમૃત કાળમાં આપણા સૌના માટે ગૌરવ રૂપી ક્ષણ છે

- એજ રીતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આઈડિયા અને ઇમેજીનેશનથી શરૂ થયેલી ગુજરાત વાઇબ્રન્ટ સમિટ આજે વૈશ્વિક સમિટ બની છે અને મને સંપૂર્ણ ભરોસો છે સમગ્ર દેશનું પ્રવેશદ્વાર ગુજરાત બનશે.વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ જ્યારે બોલે છે, ત્યારે માત્ર દુનિયા જ બોલતી નથી, પરંતુ તેને બિરદાવે છે. ભારતના વડાપ્રધાન કેવી રીતે અશક્યને શક્ય બનાવે છે એટલે જ તો સમગ્ર વિશ્વએ સ્વીકાર્યું છે કે 'મોદી હૈ તો મુમકિન હૈ'.

- સૈર કર દુનિયાકી ગાફિલ, જિંદગાની ફિર કહાં.
  જિંદગાની અગર રહી તો , નૌજવાની ફિર કહાં .

  પ્રખ્યાત ઉર્દૂ શાયરની આ પંક્તિઓ આપણેને પ્રવાસનું મહત્વ સમજાવી જાય છે. જન્મથી લઈને મૃત્યુ સુધી ચાલતા એકધારા જીવનમાં ઉત્સવો , પ્રસંગો , મેળાઓ અને પર્યટન જેમ આનંદમય અને યાદગાર બનાવે છે. માનવજીવનમાં હંમેશા પ્રવાસનું આગવું સ્થાન રહ્યું છે પછી તે આદિમાનવનો સમય હોય કે અત્યારનો ટેક્નોલોજીનો સમય હોય. જીવનના દરેક તબક્કે પ્રવાસનું અલગ મહત્વ હોય છે.મારા બનાસકાંઠા જિલ્લામાં રાજ્ય સરકારે પવિત્ર યાત્રાધામ અંબાજી અને નડાબેટ નો સંપૂર્ણ વિકાસ કર્યો છે અને જેના લીધે હજારો ટકો માં અંબાના દર્શન અને નડાબેટ ના ઝીરો પોઈન્ટ ની મુલાકાત લઇ રહ્યા છે જેના લીધે હજારો સ્થાનિક નાગરિકોને રોજગારી મળી છે.એ જ રીતે દાંતીવાડા ડેમ સાઇટને પણ રાજ્ય સરકાર પર્યટન સ્થળ તરીકે વિકસાવે તો જિલ્લાના આર્થિક વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવશે

- દાંતીવાડા જળાશય માંથી જે સિંચાઈનું પાણી આપવામાં આવે છે એમાં મોટે ભાગે પાટણ જીલાને પાણી મળે છે અને ત્યાં રાજ્ય સરકાર દ્વારા નહેર દ્વારા પાણી ની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.જે તે સમયે સર્વે થયેલ કમાન્ડ એરિયા નું રીસર્વે થઈ નવિન કમાન્ડ એરિયાનો સમાવેશ કરવામાં આવે અને વધારાના પાણીનો ઉપયોગ સીપુ ડેમ જણાશે યોજના મારફત અને હડમતીયા ડેમ મારફત ફક્ત ડ્રીપ અને સ્પ્રિંકર દ્વારા સિંચાઈ માટે આપવામાં આવે તો વિસ્તારના ખેડૂતોને ખૂબ મોટો લાભ થઈ શકે છે.